## બ્રિજકોર્સ-કલાસ રેડીનેસ

# જ્ઞાનસેતુ

(વર્ષ 2021-22માં ધોરણ 6માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે)

## ધોરણ 6

# ગુજરાતી



## પ્રેરણા

**શ્રીમતી પી. ભારતી (IAS)**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

## માર્ગદર્શન

**શ્રી પ્રકાશ ત્રિવેદી**
સચિવ, સમગ્ર શિક્ષા

**શ્રીમતી જયશ્રી દેવાંગન (GAS)**
એએસપીડી, સમગ્ર શિક્ષા

**ડૉ. ટી. એસ. જોષી**
નિયામક, જીસીઈઆરટી

## સંપાદન - સંકલન

**સૂચિતભાઈ પ્રજાપતિ**

**અનિલભાઈ ઉપાધ્યાય**
સમગ્ર શિક્ષા

**ધર્મેશ રામાનુજ**

## લેખન / પરામર્શન

મિનેશકુમાર વાળંદ
તૃપ્તિ વાઘેલા
મિનેશભાઈ પંચાલ
મનીષભાઈ સુથાર
મહંમદરફીક મનસુરી
ભરતભાઈ બગોદરિયા
શૈલેષ બાવા (પ્રાચાર્ય)
દક્ષાબેન ખડાયતા

# ઓનલાઈન શિક્ષણ મેળવવા માટેના માધ્યમ

## સમગ્ર શિક્ષા વેબસાઈટ : ssagujarat.org/StudyFromHome.html




**ગુજરાત સરકાર દ્વારા બાયસેગ-વંદે ગુજરાતની વિવિધ ધોરણવાર ૧૬ ચેનલ વડે શૈક્ષણિક કાર્યક્રમનું પ્રસારણ**

BISAG

**www.vande.gujarat.gov.in**

VANDE GUJARAT

**બાયસેગ પ્રસારણ જોવા માટે DTH ડિશ લગાવવાથી દૂરદર્શન કેન્દ્ર તેમજ બાયસેગની તમામ ચેનલો ફ્રીમાં જોઈ શકાય છે. DTH ડિશ નજીવા ખર્ચે લગાવી શકાય છે.**

DIKSHA
https://diksha.gov.in/

YouTube
Gujarat e-Class Samagra Shiksha

Gujarat E Class

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

# બ્રિજકોર્સ-કલાસ રેડીનેસ

## જ્ઞાનસેતુ

### ધોરણ 6

# ગુજરાતી




ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
ગાંધીનગર

# પ્રસ્તાવના

વિદ્યાર્થી મિત્રો, વર્તમાન સમયમાં છેલ્લા એક વર્ષથી આપણે સૌ કોરોનાની મહામારી સાથે ઝઝૂમી રહ્યા છીએ. આ વિષમ પરિસ્થિતિમાં મોટેભાગે વિદ્યાર્થીઓને શાળામાં હાજર રાખી શકાયા નથી પરંતુ આપણે શિક્ષણકાર્ય બંધ રાખ્યું નથી. આપણે વર્ચ્યુઅલ રીતે આપણું શિક્ષણકાર્ય સાતત્યપૂર્ણ રીતે થાય એવા શુભાશયથી ધોરણ ૧ થી ૧૨ સુધીના સમગ્ર અભ્યાસક્રમને એપિસોડ (તાસ)માં વિભાજિત કરીને દૂરદર્શન કેન્દ્રની ડી.ડી. ગિરનાર ચેનલ તેમજ બાયસેગ મારફતે શિક્ષણ ઘરે-ઘરે પહોંચે તેવા પ્રામાણિક પ્રયત્નો કરવામાં આવ્યાં. સાથે-સાથે શિક્ષકમિત્રો દ્વારા સમયાંતરે સ્માર્ટ ફોન દ્વારા શિક્ષણ, ઘરે-ઘરે વાલી વિદ્યાર્થીઓનો સંપર્ક કરી ને પાઠ્યપુસ્તક વિતરણ, એકમ કસોટી, નિદાન કસોટી, શેરીશિક્ષણ તેમજ વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા પ્રત્યક્ષ શૈક્ષણિક માર્ગદર્શન આપવાના સાર્થક પ્રયાસો કરવામાં આવ્યા. ગુજરાત વર્ચ્યુઅલ શાળા (GUS) અંતર્ગત ઓન લાઈન ક્લાસ પણ ચલાવવામાં આવ્યા. હોમલર્નિંગ અંતર્ગત આ તમામ સામગ્રી સમગ્ર શિક્ષા, ગાંધીનગરની વેબસાઈટ, Diksha પ્લેટફોર્મ અને ગુજરાત ઈ ક્લાસ સમગ્ર શિક્ષા યુ-ટ્યુબ ચેનલ પર ઉપલબ્ધ છે. તેનાથી આપ સૌ અવગત છો.

આ 'જ્ઞાનસેતુ' સાહિત્યમાં આપે ગત વર્ષ દરમિયાન પોતાના ધોરણનું શિક્ષણ હોમ લર્નિંગ અને અન્ય માધ્યમથી પ્રાપ્ત કર્યું છે. ત્યારે તેને બળવત્તર બનાવવાના હેતુથી આ સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં આપવામાં આવેલ પ્રશ્નો, દાખલા અને ઉકેલ જેવી બાબતોનું લેખન કરવાનું છે. જ્યાં જરૂર જણાય ત્યાં પોતાની નોટબૂકમાં લખવાનું - ગણવાનું રહેશે. આગામી નવીન શૈક્ષણિક સત્ર જ્યારે શરૂ થાય ત્યારે આ 'જ્ઞાનસેતુ' સાહિત્ય અને તેને આધારે વિદ્યાર્થીઓએ કરેલ લેખનની નોટબૂક આપના શિક્ષકો દ્વારા ચકાસી જરૂરી ઉપચારાત્મક કાર્ય પણ કરાવવામાં આવશે.

આ 'જ્ઞાનસેતુ' સાહિત્ય વિદ્યાર્થીઓ માટે તેમને પ્રાપ્ત કરેલ જ્ઞાન અને શીખવાના જ્ઞાન વચ્ચે મહત્વના સેતુરૂપ બની રહેશે. એવી શ્રદ્ધા છે.

**પી. ભારતી (IAS)**
સ્ટેટ પ્રૉજેક્ટ ડાયરેક્ટર,
સમગ્ર શિક્ષા, ગાંધીનગર.

# 'જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ'ના ઉપયોગ સંદર્ભે...

હોમ લર્નિંગ દ્વારા અભ્યાસ કરતા વિદ્યાર્થઓનું એક વર્ષ પૂર્ણ થાય છે. હવે જ્યારે વિદ્યાર્થી નવા શૈક્ષણિક વર્ષમાં આવે છે ત્યારે તેમના આગળના શૈક્ષણિક વર્ષના પ્રારંભે તેમને ગયા વર્ષના ધોરણના અભ્યાસક્રમનો બ્રીજકોર્સ થાય તે હેતુસર તેમજ આ વર્ષના અભ્યાસક્રમની સમજણ માટે આગલા ધોરણની જે-જે અધ્યયન નિષ્પત્તિની સમજની જરૂર પડે તે દરેક અધ્યયન નિષ્પત્તિની સમજ માટે આ **'જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ'** પુસ્તિકાનું નિર્માણ થયેલ છે.

આ **'જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ'** પુસ્તિકાનો અર્થસભર ઉપયોગ કરી શકાય તે માટેની અગત્યની બાબતો આ મુજબ છે :

- આ પુસ્તિકા ગત વર્ષની કક્ષાના અભ્યાસક્રમને ધ્યાને લઈ નિર્માણ થયેલ છે. એટલે કે વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન હોમ લર્નિંગ અંતર્ગત ઘરે રહીને પૂરા વર્ષ દરમ્યાન અભ્યાસ કરેલ ધોરણનો અભ્યાસક્રમ આગળના ધોરણમાં જતા પહેલાં બ્રીજકોર્સ તરીકે પૂર્ણ કરશે અને પછીજ આગળના નવા ધોરણનો અભ્યાસક્રમ ચાલુ કરશે.
- આ પુસ્તિકાનું વિષયવસ્તુ અધ્યયન નિષ્પત્તિ અને અભ્યાસક્રમની અગ્રિમ બાબતોને ધ્યાને લઈ નિર્માણ કરેલ હોવાથી પુસ્તિકાના વિષયવસ્તુના દરેક ઉદાહરણોનો પૂર્ણ મહાવરો વિદ્યાર્થી દ્વારા સમયમર્યાદામાં થાય તે જરૂરી છે.
- આપે આ પુસ્તિકાનો ઉપયોગ ગત વર્ષના પાઠ્યપુસ્તક સાથે રાખી કરવાનો છે. આ પુસ્તિકાનો કઈ રીતે ઉપયોગ કરવો તે અંગે આપના શિક્ષક દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માર્ગદર્શન આપવામાં આવશે.
- આ પુસ્તિકાના વિષયવસ્તુ આધારિત સમજ નિર્માણ કરવામાં સહાયક વિડીઓ સામગ્રી પણ નિર્માણ થયેલ છે જેથી તેનું પ્રસારણ ટીવી, મોબાઈલ અને અન્ય ડીજીટલ માધ્યમો દ્વારા પ્રસારિત થનાર છે. તારીખવાર ચોક્કસ સમયપત્રક પ્રમાણે વિદ્યાર્થીઓ પ્રસારણ ધ્યાનથી નિહાળે તે જરૂરી છે.
- એપિસોડનાં પ્રસારણ દરમ્યાન **'જ્ઞાનસેતુ બ્રીજકોર્સ-ક્લાસરેડીનેસ'** પુસ્તિકામાંથી શક્ય હોય તેટલા દ્રષ્ટાંતની સમજ આપવાનો પ્રયાસ તજજ્ઞ દ્વારા થશે પરંતુ પુસ્તિકાના અન્ય બાકી રહેતા ઉદાહરણોનો મહાવરો વિદ્યાર્થીએ જાતે વાલી / મોટા ભાઈબહેન / શિક્ષકની મદદથી કરવાનો રહેશે.

**(પ્રકાશ કે. ત્રિવેદી)**
સચિવ, સમગ્ર શિક્ષા

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | ચાલો યાદ કરીએ... | 1 |
| 2. | કદમ - ૧ | 7 |
| 3. | કદમ - ૨ | 11 |
| 4. | કદમ - ૩ | 14 |
| 5. | કદમ - ૪ | 19 |
| 6. | કદમ - ૫ | 23 |
| 7. | કદમ - ૬ | 26 |
| 8. | કદમ - ૭ | 31 |
| 9. | કદમ - ૮ | 34 |
| 10. | કદમ - ૯ | 38 |
| 11. | કદમ - ૧૦ | 44 |
| 12. | કદમ - ૧૧ | 49 |
| 13. | કદમ - ૧૨ | 53 |
| 14. | કદમ - ૧૩ | 58 |
| 15. | કદમ - ૧૪ | 63 |
| 16. | કદમ - ૧૫ | 67 |
| 17. | ચાલો, ચકાસીએ | 71 |

# ચાલો યાદ કરીએ !

પ્રશ્ન-૧. નીચેના ચિત્રમાં રંગ પૂરો અને તેના વિશે પાંચ વાક્યો લખો.



૧. ______________________________

૨. ______________________________

૩. ______________________________

૪. ______________________________

૫. ______________________________

પ્રશ્ન-૨. તમારા સાથે પરિવારનાં સભ્યોનાં નામ લખો.

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન-૩. ધોરણ-૪ ગુજરાતીના પાઠ્યપુસ્તકમાંથી 'ન' થી શરૂ થતાં ૧૦ શબ્દો લખો. તેમાનાં પ્રથમ પાંચને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

શબ્દકોશનો ક્રમ

_____, _____, _____, _____, _____,

**પ્રશ્ન-૪. ધોરણ-૪ ગુજરાતીના પાઠ્યપુસ્તકમાંથી તમને ગમતી કવિતા લખો.**

**પ્રશ્ન-૫. નીચે આપેલા શબ્દોમાંથી પ્રાસવાળા શબ્દોની જોડ બનાવો.**

ધારી
મારી
સડકો
ગામ
તડકો
નામ
હાર
દડકો
માર
અડકો

૧. ____________________

૨. ____________________

૩. ____________________

૪. ____________________

૫. ____________________

**પ્રશ્ન-૬. નીચેના શબ્દોનાં વાક્યમાં પ્રયોગ કરો.**

**(પંખી, ફૂલ, ઈશારો, મેદાન, વાતચીત)**

૧. ________________________________________

૨. ________________________________________

૩. ________________________________________

૪. ________________________________________

૫. ________________________________________

**પ્રશ્ન-૭. સમાનાર્થી શબ્દો લખો.**

આકાશ - ____________________ ધરતી - ____________________

આંખ - ____________________ વન - ____________________

સૂર્ય - ____________________

**પ્રશ્ન-૮. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

નાનો × ____________________ નજીક × ____________________

ભણેલું × ____________________ જીવન × ____________________

દેશ × ____________________

પ્રશ્ન-૯. ચિત્રો જોઈ વાર્તા લખો.







પ્રશ્ન-૧૦. મને શું થવું ગમે ? વિષય પર દસ વાક્યો લખો.

# કદમ-૧

**પ્રશ્ન-૧. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(માસ, ઋતુ, લાકડાની વસ્તુઓ, સગાંવહાલાં, ઝાડ, ફળ)

૧. ટેબલ, પેન્સિલ, વેલણ - ____________________

૨. ફાગણ, ચૈત્ર, વૈશાખ - ____________________

૩. બહેન, ફોઈ, મામા - ____________________

૪. મોસંબી, બોર, ચીકુ - ____________________

૫. લીમડો, બાવળ, આંબો - ____________________

૬. શિયાળો, ઉનાળો, ચોમાસુ - ____________________

**પ્રશ્ન-૨. (ક) અક્ષરથી શરૂ થતી ઘરની વસ્તુઓનાં નામ અને તેની સામે તેનો એક ઉપયોગ લખો.**

ઉદાહરણ : કબાટ - કપડાં મૂકવા માટે.

૧. ________________________________________

૨. ________________________________________

૩. ________________________________________

૪. ________________________________________

૫. ________________________________________

**પ્રશ્ન-૩. નીચે આપેલા બે શબ્દનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

ઉદાહરણ : ઢોલ - ઘોડો

ઢોલ વાગતાં જ ઘોડો નાચવા લાગ્યો.

૧. રોટલી - ઘઉં

---

૨. ઠંડી - પહેરવેશ

---

૩. વાદળ - ચિત્ર

---

૪. ઘર - પતંગ

---

૫. મંદિર - બળદગાડું

---

**પ્રશ્ન-૪. ચિત્રના આધારે પ્રશ્નોના જવાબ લખો.**



૧. ચબૂતરો શા માટે બનાવ્યો હશે ?

૨. ચબૂતરામાં અનાજ નાંખવા ઉપર કેવી રીતે ચડીશું ?

૩. ચિત્રમાં દેખાતાં પક્ષીઓ સિવાય તમે બીજા કયાં પક્ષીઓ જોયાં છે ?

૪. ચબૂતરા પર છત ન હોય તો શું થાય ?

**પ્રશ્ન-૫. નીચેના વિધાનો જોઈને લખો.**

૧. અમારી શાળામાં ચબૂતરો છે.

૨. ચબૂતરામાં ચણવા માટે કબૂતર ચકલી પોપટ કાબર વગેરે આવે છે.

૩. અમે દર ગુરુવારે ઘેરથી એક મુઠ્ઠી અનાજ લઈ જઈ અક્ષયપાત્રમાં નાંખીએ છીએ.

૪. પક્ષી પરબમાં નિયમિત પાણી ભરવામાં આવે છે.

______________________________

૫. ચબૂતરો ઝાડ કે દીવાલને અડીને ન બનાવવો જોઈએ.

______________________________

**પ્રશ્ન-૬. ચબૂતરાને લગતા શબ્દ પર ⬭ કરો.**

| | | | |
|---|---|---|---|
| બળદ | જુવાર | ગુલાબ | મોગરો |
| મકાઈ | ચોખા | અક્ષયપાત્ર | ગાય |
| કાબર | કબાટ | કોયલ | પાણી |
| પંખો | કબૂતર | છત | નિસરણી |

**પ્રશ્ન-૭. સૂચના મુજબ કરો.**

૧. બે અક્ષરના શરીરનાં અંગોના નામ. (ઉદાહરણ - માથું)

૧. ____________ ૨. ____________ ૩. ____________

૪. ____________ ૫. ____________

૨. કાના માત્રા વગરનાં પાંચ અક્ષરવાળા શબ્દ લખો.

૧. ____________ ૨. ____________ ૩. ____________

૪. ____________ ૫. ____________

૩. છેલ્લે નગર આવતાં હોય તેવાં ગામ અને શહેરનાં નામ લખો. (ઉદાહરણ - હિંમતનગર)

૧. ____________ ૨. ____________ ૩. ____________

૪. ____________ ૫. ____________

# કદમ-૨

**પ્રશ્ન-૧. કૌંસમાં આપેલા શબ્દના સામાનાર્થી શબ્દનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો.**

૧. મારા ____________ ના ચાર સભ્યો પ્રવાસે ગયા હતા. (પરિવાર)

૨. ખરાબ રસ્તાને કારણે ખૂબ ____________ પડી. (તકલીફ)

૩. આટલી સુંદર જગ્યા અમારા ____________ નિહાળી. (આંખે)

૪. નદી કિનારે ____________ વરસાદ શરૂ થઈ ગયો. (અચાનક)

૫. વરસાદ બંધ થયો અને તરત તડકો આવી જતાં સૌને ____________ લાગી. (આશ્ચર્ય)

**પ્રશ્ન-૨. અધૂરી કાવ્યપંક્તિઓ પુસ્તકમાં જોઈને પૂર્ણ કરો.**

દરિયો તારું દિલ ____________________

____________________

____________________

____________________ તારી છે સોગાદ.

**પ્રશ્ન-૩. પ્રશ્નોના જવાબ લખો.**

૧. કવિએ ‘પર્વત તારા પહોળા ખંભા’ એવું શાથી કહ્યું હશે ?

________________________________________

________________________________________

________________________________________

૨. મેઘધનુષ્યના કેટલા રંગો હોય છે ? કયા કયા ?

________________________________________

________________________________________

________________________________________

૩. કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દની જોડ શોધીને લખો.

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન-૪. ચિત્ર જોઈને તેના વિશે પાંચ વાક્યો લખો.**



______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન-૫. ખાલી જગ્યા પૂરો.**

૧. પ્રથમ નંબર આવતાં શ્રેયાને સૌએ ___બાશી આપી. (શા, સા)

૨. સિંહ ___કારની શોધમાં હતો. (શિ, સિ)

૩. હંસ ___રોવરમાં વિહરી રહ્યા છે. (શ, સ)

૪. જન્મદિવસ આપણા માટે વિ___ષ છે. (સે, શે)

૫. વેપારી નુક___નનો વેપાર ન કરે. (સા, શા)

**પ્રશ્ન-૬. ખોટા શબ્દને છેકી નાંખો.**

૧. મુમતાજ પ્રથમ નંબરે **પાસ** / **પાશ** થઈ.

૨. પ્રાર્થના ગવડાનારનો **શુર** / **સુર** કર્ણપ્રિય છે.

૩. વકીલ માટે **કેશ** / **કેસ** લડવો મહત્ત્વનો હોય છે.

૪. શિષ્ય ગુરુજીને **શત શત** / **સત સત** વંદન કરે છે.

૫. સાંભળનાર સૌને વાર્તાનો **સાર** / **શાર** સમજાઈ ગયો.

**પ્રશ્ન-૭. કૌંસમાં આપેલ શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો.**

૧. ______________ સૌને ગમે છે. (અંધારું)

૨. ડુંગર ______________ થી જોવા ગમે છે. (નજીક)

૩. આ મેદાન તો ખૂબ ______________ છે. (પહોળું)

૪. ભગવાનનું ______________ સ્વરૂપ જોવા જેવું હતું. (વિરાટ)

**પ્રશ્ન-૮. કૌંસમાંથી યોગ્ય વાક્ય ખાલી જગ્યામાં લખી સંવાદ પૂર્ણ કરો.**

(તો, તેઓ જાતે નહીં પી લે ? તો ચાલ હું પણ તારા ઘરે આવું. ના, મારાથી નહિ અવાય. તો શું થયું ?, અરે ! કેમ શું થયું ?)

યુસુફ : ચાલને, આજે તો સ્ટેશને ફરવા જઈએ.

વિરેન : ____________________________________________

યુસુફ : ____________________________________________

વિરેન : આજે મારા ઘરે હું અને દાદા જ છીએ.

યુસુફ : ____________________________________________

વિરેન : દાદાને વારંવાર પાણી પીવા જોઈએ છે.

યુસુફ : ____________________________________________

વિરેન : ના, તેઓને ગઈકાલે ખૂબ તાવ આવ્યો હતો, આજે ખૂબ અશક્ત છે.

યુસુફ : ____________________________________________

# કદમ-૩

**પ્રશ્ન-૧. ઉદાહરણ મુજબ વાક્યો બનાવો.**

ઉદાહરણ : જગત આવે છે.

જગત આવતો હતો.

જગત આવશે.

૧. કૂતરો ભસે છે.

૨. ચકલી ઊડે છે.

૩. બસ જાય છે.

૪. નળમાં પાણી આવે છે.

**પ્રશ્ન-૨. આપેલા વિરામચિહ્નને લગતાં બે વાક્ય પાઠમાંથી શોધીને અથવા બનાવીને લખો.**

૧. અલ્પવિરામ (,)

૨. પ્રશ્નચિહ્ન (?)

૩. ઉદ્ગારચિહ્ન (!)

૪. પૂર્ણવિરામ (.)

**પ્રશ્ન-૩. આપેલા વાક્યના સરખા અર્થવાળા વાક્ય પાઠમાંથી શોધીને લખો.**

૧. મારા ચંપલનો શું ભાવ થાય ?

૨. ચિંતા કરશો નહીં મહારાજ, હું કહ્યા મુજબ સમયસર કામ કરી જ દઈશ.

______________________________

______________________________

______________________________

૩. વગર મહેનતે મળેલા પૈસા મારે જોઈતા નથી.

______________________________

______________________________

______________________________

૪. કામ કરવા કારીગર રાખો અને બેઠાં બેઠાં મોજ કરો.

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન-૪. તમને ઉપયોગી હોય તેવી દસ વસ્તુનાં નામ લખો.**

૧. ______________ ૬. ______________

૨. ______________ ૭. ______________

૩. ______________ ૮. ______________

૪. ______________ ૯. ______________

૫. ______________ ૧૦. ______________

**પ્રશ્ન-૫. પ્રશ્નોના જવાબ લખો.**

૧. “દોઢ તો કહેવાનો પણ લેવાના કેટલા ?” આવું મહારાજે મોચીને શા માટે કહ્યું હશે ?

૨. સાધુએ બીજા દિવસે મોચીને ત્યાં આંટો કેમ માર્યો ?

૩. મોચી સાચુકલો છે, ખરેખરો ભગત છે આવું સાધુને કેમ લાગ્યું ?

૪. મોચીએ ઓજારો ઘરના ખૂણે શા માટે નાંખી દીધાં ?

**પ્રશ્ન-૬. નીચેના વાક્યોને અનુરૂપ રૂઢિપ્રયોગ કૌંસમાંથી શોધીને લખો.**

(બાવડાના બળથી, નિસાસો નાંખવો, જીવ બાળવો, પેટનો ખાડો પૂરવો, પગ ઉપાડવો)

૧. અંધારું થતું જોઈ સૌ ઝડપથી ચાલવા લાગ્યા.

______________________________

૨. રિઝવાન જાત મહેનતથી આગળ આવેલો.

______________________________

૩. રામજીભાઈ રાત દિવસ મહેનત કરી જીવન નિર્વાહ ચલાવતા.

______________________________

૪. બસમાં બા નથી આવી એ જાણી માધવીએ આહ નાંખી.

______________________________

૫. દીકરાને તાવ ઉતર્યો નથી એ જાણી મમ્મી દુઃખી થયાં.

______________________________

**પ્રશ્ન-૭. ઉદાહરણ મુજબ બન્ને બાજુએથી સરખા વંચાય તેવા શબ્દ શોધીને લખો.**

ઉદાહરણ : નવજીવન

૧. ____________________

૨. ____________________

૩. ____________________

૪. ____________________

# કદમ-૪

**પ્રશ્ન-૧. કાવ્ય પંક્તિ પૂર્ણ કરો.**

કવિતા સુંદર, ______________________________

______________________________

______________________________ એવું થાતું મુજ મનમાં.

**પ્રશ્ન-૨. પ્રશ્નોના જવાબ લખો.**

૧. પ્રભુ સુંદર હશે એવું કવિને શાથી લાગે છે ?

______________________________

______________________________

______________________________

______________________________

૨. પ્રભુએ બનાવેલી કઈ કઈ વસ્તુઓ તમને ગમે છે ? શા માટે ?

______________________________

______________________________

______________________________

______________________________

૩. તમને ગમતાં ફૂલો વિશે લખો.

______________________________

______________________________

**પ્રશ્ન-૩. ઉદાહરણ મુજબ ઘાટા કરેલા શબ્દનો બે વાર ઉપયોગ કરી વાક્ય ફરીથી લખો.**

ઉદાહરણ : મહેશ **જલદી** જમી લે.

મહેશ જલદી જલદી જમી લે.

૧. શિયાળામાં ગરમ જમવાની મજા આવે છે.

૨. પોપટકાકા **દુઃખી** થઈ ગયા.

૩. દ્રાક્ષ **ખાટી** છે.

૪. વાત તો **મીઠી** કરે છે.

૫. ગાયક **ધીમે** ગાય છે.

પ્રશ્ન-૪. ચિત્રમાં મનગમતા રંગ પૂરો અને ચિત્ર વિશે લખો.



પ્રશ્ન-૫. કવિતામાંથી (સ) થી શરૂ શબ્દ શોધો અને તેનો વાક્યમાં ઉપયોગ કરો.

**પ્રશ્ન-૬. આપેલ શબ્દના સમાનાર્થી શબ્દ કોષ્ટકમાં આડા, ઉભા, ત્રાંસા છે જે શોધી તેના ફરતે ઉદાહરણ મુજબ લીટી દોરો.**

ઉદાહરણ : સરોવર - તળાવ

૧. સવાર

૨. પવન

૩. ગર્વ

૪. પ્રભુ

૫. જગત

૬. હથિયાર

૭. આશ્ચર્ય

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વ | ર | દ | સા | મા | કા | યા |
| અ | ભિ | મા | ન | ટા | નિ | વા |
| આ | ત | વા | વા | દુ | ટા | ર |
| ઉ | ળા | ઠ | ઈ | ડિ | પ | દ |
| ભુ | વ | ર | મી | સ | મ | પ્ર |
| ક | જા | વિ | ભુ | ર | હ | ભા |
| ઓ | ન | ર | વ | કિ | ઉ | ત |

# કદમ-૫

**પ્રશ્ન-૧. નીચેના વાક્યોને પાઠના ક્રમમાં ગોઠવો.**

૧. "કૉફીનો પણ અત્યારે વાંધો નથી."

૨. "હવે હું રજા લઉં છું."

૩. ડોકું હલાવી અને મૂંગા મોંએ એમની રજા લઈ હું ચાલતો થયો.

૪. "મને શરદી થઈ છે એમ તમને કોણે કહ્યું ?"

૫. તે દિવસે હવામાં શરદી હતી.

૬. "આ ઘર તમને ફાવે છે કે નહીં ?"

૧. ______________________________

૨. ______________________________

૩. ______________________________

૪. ______________________________

૫. ______________________________

૬. ______________________________

**પ્રશ્ન-૨. અહીં એક ચિત્ર આપ્યું છે જે અડધું ભૂંસાઈ ગયું છે, ચિત્ર આખું છે એમ વિચારી તેના વિશે લખો.**



**પ્રશ્ન-૩. નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

૧. લેખક કંઠ બેઠેલો અને મગજ તપેલું જેવી સ્થિતિ હતી એવું શા માટે કહે છે ?

૨. લેખકને કૉફી કેમ ન મળી ?

૩. લેખક સજ્જનને જે વાત કરવા આવ્યા હતા તે પત્ર દ્વારા કરવી એમ શા માટે નક્કી કરે છે ?

૪. લેખકે મૂંગા મોંએ રજા શા માટે લીધી ?

**પ્રશ્ન-૪. વાક્યમાંથી સંજ્ઞા શોધીને લખો.**

૧. વડ શીતળ છાંયડો આપે છે. ____________________

૨. કૃષ્ણ રાસ રમે છે. ____________________

૩. ગંગા પવિત્ર નદી છે. ____________________

૪. કેરી રાષ્ટ્રીય ફળ છે. ____________________

૫. રામનગર સુંદર ગામ છે. ____________________

**પ્રશ્ન-૫. પાઠમાંથી જોડાક્ષર હોય તેવા પાંચ શબ્દ લખો અને વાક્યમાં પ્રયોગ કરો.**

૧. ________________ ____________________________________________

૨. ________________ ____________________________________________

૩. ________________ ____________________________________________

૪. ________________ ____________________________________________

૫. ________________ ____________________________________________

**પ્રશ્ન-૬. યોગ્ય પ્રત્યય મૂકી ખાલી જગ્યા પૂરો.**

(નો, ની, નું, ના, નાં, ને)

૧. અપૂર્વ _______ મકાન શાળાની પાસે જ છે.

૨. ગુજરાતી _______ ચોપડી આપો.

૩. ખેતી _______ પાક ખૂબ સારો છે.

૪. ભવ્ય _______ દાદા આજે મળ્યા હતા.

૫. શિયાળો ઠંડી _______ ઋતુ છે.

૬. ખેતર _______ ફરતે વાડ છે.

**પ્રશ્ન-૭. ખોટી જોડણીવાળા શબ્દો છેકી નાંખો.**

૧. સતયાગૃહ - સત્યાગ્રહ

૨. શરદિ - શરદી

૩. રાજકીય - રાજકિય

૪. નાળીયેરી - નાળિયેરી

૫. પક્ષપાત - પકશપાત

# કદમ-૬

**પ્રશ્ન-૧. આપેલ વાક્યનો સમાન અર્થ ધરાવતાં વાક્ય પાઠમાંથી શોધીને લખો.**

૧. અજવાળી રાતે લોકો હોડીમાં બેસીને નદીના પ્રવાસનો આનંદ લે છે.

૨. ડુંગર એકબીજાની એટલા નજીક આવી ગયા છે કે જાણે એ વાતો કરે છે.

૩. આ પાણી ગુજરાત અને રાજસ્થાનમાં લોકોને પીવા અને ખેતી માટે ઉપયોગી થશે.

૪. નર્મદા નદીના કિનારે ઋષિમુનિઓ પરિક્રમા કરતા હતા અને ગુણગાન ગાતા હતા.

૫. પાણીનો સાચવીને ઉપયોગ કરીશું, તો તે જ પાણી આપણા માટે જીવન બનશે.

**પ્રશ્ન-૨. ધોરણ ૫ના પાઠ્યપુસ્તકના પાના નંબર ૩૧ પર આપેલું ચિત્ર જોવો અને તેનું વર્ણન લખો.**

**પ્રશ્ન-૩. પ્રશ્નોના જવાબ લખો.**

૧. ધુંવાધાર વરસાદ એટલે કેવો વરસાદ સમજાવો.

૨. બંદરકૂદ સ્થળ વિશે લખો.

૩. કબીરવડને લેખકે 'વડનું નાનું સરખું વન' શા માટે કહ્યું છે ?

૪. સરદાર સરોવરને લેખકે 'વિશ્વની આઠમી અજાયબી' એવું શા માટે કહ્યું હશે ?

**પ્રશ્ન-૪. પદક્રમને યોગ્ય રીતે ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવી લખો.**

૧. પાણીથી ખેતર વરસાદના ભરાઈ ગયાં.

૨. ગયો ડુંગર ઝડપથી પર જીલ ચડી.

૩. પાદરમાં છે ઝાડ મોટું ગામનાં પીપળનું.

____________________________________________

____________________________________________

૪. તરે પક્ષીઓ છે જાતજાતનાં તળાવમાં.

____________________________________________

____________________________________________

૫. ચંપાના છોડ બગીચામાં લાલ છે વાવેલા આ.

____________________________________________

____________________________________________

**પ્રશ્ન-૫. કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી ખાલી જગ્યા પૂરો.**

**(તેણે, તેને, તેમના)**

પ્રિન્સ સવારે વહેલા જાગી ગયો. __________ બ્રશ કરી ચા નાસ્તો કર્યો. __________ કાકા ખેતરમાં ફરવા લઈ ગયા. __________ ખેતરમાં જુદા જુદા પક્ષીઓ હતા.

**પ્રશ્ન-૬. ઉદાહરણ મુજબ શબ્દને અનુરૂપ બીજા શબ્દ લખો.**

**ઉદાહરણ : ગુલાબ** - બગીચો, હાર, સુશોભન, સુગંધ.

૧. ઉનાળો - ______________________________

૨. રમત - ______________________________

૩. જંગલ - ______________________________

૪. બસસ્ટેન્ડ - ______________________________

૫. સૂર્ય - ______________________________

૬. પ્રવાસ - ____________________

પ્રશ્ન-૭. પાઠમાંથી 'મ' થી શરૂ થતા શબ્દો શોધીને લખો અને શબ્દકોશનાં ક્રમમાં ગોઠવો.

____________________

____________________

૧. __________ ૨. __________

૩. __________ ૪. __________

૫. __________

# કદમ-૭

**પ્રશ્ન-૧. કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

રાધા દોડે ચિત્ત ______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________ ઝળકે ઝલ્લક ઝલ્લક !

**પ્રશ્ન-૨. ચિત્રનું વર્ણન કરો.**



______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**પ્રશ્ન-૩. પ્રશ્નોનાં જવાબ લખો.**

૧. કૃષ્ણને રાસ રમતા રીસ કેમ ચડે છે ?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

૨. રાધિકા શા માટે રડે છે ?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

૩. રાધિકા કૃષ્ણને તારાં ચરિત્ર ક્યાં છાનાં છે એવું શા માટે કહે છે ?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

**પ્રશ્ન-૪. અલગ પડતા શબ્દ પર લીટી દોરો.**

૧. પીપળી, લીમડો, બાવળ, વાલોળ, વડ, આંબલી, આંબો.

૨. મગ, અડદ, મઠ, તુવેર, તુલસી, વાલ, વટાણા.

૩. સેવ, ટામેટાં, ફલાવર, કારેલાં, કોબીજ, બટાટા, શક્કરિયા.

૪. સૂર્ય, ચંદ્ર, તારા, આગબોટ, ગ્રહ, ઉપગ્રહ, વાદળ.

૫. શરદ, ગ્રીષ્મ, હેમંત, શિશિર, તડકો, વસંત, વર્ષા.

**પ્રશ્ન-૫. કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરી તમારા ગામ વિશે પાંચ સાત વાક્યો લખો.**

**(નામ, તળાવ, રસ્તા, નિશાળ, વ્યવસાયકારો, મેળા, ગ્રામપંચાયત, સરપંચ, ધર્મસ્થાનો)**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન-૬. ઉદાહરણ મુજબ શબ્દના અંતિમ અક્ષર પરથી આગળ શબ્દની હારમાળા બનાવો.**

**ઉદાહરણ :** પંખી--ખીર--રજત--તમામ--મગન--નરસિંહ--હસ્તમેળાપ.

૧. જવાબ. ______________________________________________

______________________________________________

# કદમ-૮

**પ્રશ્ન-૧. આપેલ ગીતમાં પ્રાસ રચતા શબ્દો ફરતે ગોળ કરો.**



ગીત :

આ વાત કદી ન ભુલાય.
રોજ સવારે વહેલાં ઉઠાય,
ઊઠીને શરીરને સ્વચ્છ કરાય,
સ્નાન કરીને પ્રાર્થના કરાય, આ વાત કદી ન ભુલાય.

ગ્લાસ મોઢે માંડીને પાણી ન પિવાય,
પાણીના વાસણને ચોખ્ખું રખાય,
ચાવી ચાવીને ખાવાનું ખવાય, આ વાત કદી ન ભુલાય.

નિયમિત રીતે નિશાળે જવાય,
મેદાને જઈને રમત રમાય,
ઘર, ગામ, શાળાને સ્વચ્છ રખાય, આ વાત કદી ન ભુલાય.

રસ્તા ઓળંગવામાં ધ્યાન રખાય,
ગાડી-બસમાં બેસતાં ધક્કામુક્કી ન કરાય,
આપણા જેવા સરખાની દોસ્તી કરાય, આ વાત કદી ન ભુલાય.

આપણાથી મોટાને માન અપાય,
આપણાથી નાનાને વહાલ કરાય,
વડીલ-મોટેરાંને વંદન કરાય, આ વાત કદી ન ભુલાય.

**પ્રશ્ન-૨. પ્રશ્નોના જવાબ લખો.**

૧. વહેલી સવારના વાતાવરણનું વર્ણન કરો.

૨. સવારે ચાલવામાં આનંદ કેમ આવે છે ?

**પ્રશ્ન-૩. નીચેનાં ચિત્રને આધારે પાંચ છ વાક્ય લખો.**



**પ્રશ્ન-૪. નિત્યક્રમને યોગ્ય ક્રમમાં ગોઠવો (આગળના બૉક્સમાં યોગ્ય ક્રમ લખો).**

☐ સાંજે રમીને અમે છૂટાં પડ્યાં.

☐ સવારે દસ વાગ્યે શાળાએ પહોંચી ગયો.

☐ વહેલાં મમ્મી જાગી ગઈ, પણ એ પહેલાં તો દોડીને આવી ગયો હતો.

☐ મેધા, મમ્મી પપ્પાને ખબર ના પડે એમ મને જગાડીને દોડવા લઈ ગયો.

☐ અમે તો ખેતરમાં દોડતા દોડતા જ દાતણ ચાવી લીધું.

☐ અમે ભાખરી અને દૂધનો નાસ્તો કર્યો.

☐ નિશાળ જતાં વાનમાં આગળની સીટમાં બેસવા માટે પડાપડી થઈ.

☐ અમારા મેડમે સરસ વાર્તા કહી.

**પ્રશ્ન-૫. શબ્દનો ઉપયોગ કરી વાક્ય લખો.**

૧. મહેક

______________________________

૨. છલંગ

______________________________

૩. આથમણું

______________________________

૪. ચકચૂર

______________________________

૫. પહાડ

______________________________________________

**પ્રશ્ન-૬. વિક્રમ સંવતના કોઈપણ પાંચ મહિનાના નામને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

૧. ____________________

૨. ____________________

૩. ____________________

૪. ____________________

૫. ____________________

# કદમ-૯

**પ્રશ્ન-૧. વાક્યના અર્થ જેવો જ અર્થ દર્શાવતું વાક્ય પાઠમાંથી શોધીને લખો.**

૧. ઘોડા પરથી ઉતરી વાલો લોકોની વચ્ચે રસ્તો કરતો ઘરની પાસે પહોંચી ગયો.

૨. ‘તમારું નામ અને સરનામું ન આપો તો મારા દીકરાના સોગંદ છે.’

૩. ‘બોલો શેઠ કેટલા રૂપિયા લેવાના છે, આ છોકરાંનું દુઃખ મારાથી જોવાતું નથી.’

૪. અચાનક રાજના સિપાહીઓને ગામમાં જોતાં લોકો અચંબામાં પડી ગયા.

૫. ‘તે દિવસે તમારી પાસેનાં પાંચસો રૂપિયા ન આપ્યા હોત તો હું આજે આ પદ પર નહોત.’

પ્રશ્ન-૨. ચિત્રનું વર્ણન કરો.



**પ્રશ્ન-૩. પ્રશ્નોના જવાબ લખો.**

૧. 'ભાઈ, તારો માર્ગ રાહ જોવે છે' શેઠ આવું શા માટે કહે છે ?

૨. વાલા કેસરિયાના ઘોડા કેવા લાગતા હતા ?

૩. રાજના સિપાહીઓને આવેલા જોઈ ગામલોકો શા માટે હેબતાઈ ગયા હશે ?

૪. વાલા કેસરિયાને "જગદંબા તમારી ભેર કરે" એમ કોણે અને શા માટે કહ્યું હશે ?

૫. રાઘોબાએ વાલા કેસરિયાને શા માટે તેડાવ્યા હતા ?

**પ્રશ્ન-૪. બંધબેસતા વાક્યને જોડો.**

| | | | |
|---|---|---|---|
| ૧. | લારીવાળાનાં અવાજથી | - | ખેડૂ અને બળદ લોથપોથ થઈ ગયાં. |
| ૨. | ચકલી અને કબૂતર તો | - | નદી અને નાળાં તરબોળ કરી દીધા. |
| ૩. | ખેતર ખેડી ખેડીને | - | સૌ ઘરની બહાર આવી ગયાં. |
| ૪. | વરસાદે મૂશળધાર વરસીને | - | સીમાડા છોડી ગામમાં આવી જાય છે. |
| ૫. | શિયાળ તો ઠીક વરુ અને સિંહેય | - | માણસ હોય ત્યાં જ રહે. |

**પ્રશ્ન-૫. આપેલ વાક્યમાંથી રૂઢિપ્રયોગ અને અર્થ લખો.**

**ઉદાહરણ : ઘરની સજાવટ ઉડીને આંખે વળગે એવી છે.**

**ઉડીને આંખે વળગવું - તરત ધ્યાન પર આવવું.**

૧. વારંવાર સમજાવવા છતાં જીલ ન માનતાં પપ્પાની આંખ કરડી થઈ.

૨. એક મહિનો કોરો જતાં ખેડૂતો વાદળો સામે મીટ માંડી રહ્યા છે.

૩. ગામલોકો સાહેબનો પડ્યો બોલ ઝીલી લેતાં.

૪. એકાદ સફળતાએ જેનો મિજાજ તરડાય જાય, એ બહુ આગળ ન વધે.

૫. પાદરનો શીતળ વાયરો સૌનું મન ઠારી ગયો.

૬. મમ્મી મહેમાનોની કાગડોળે રાહ જોતી.

**પ્રશ્ન-૬. ઉદાહરણ મુજબ શબ્દના છેલ્લા અક્ષરથી નવો શબ્દ એમ દશ શબ્દ લખો.**

**ઉદાહરણ : રમત → તલવાર → રસોઈ → ઈશા → શાક → કબૂતર → રમકડું → ડુંગર → રકાબી → બીકણ**

# કદમ-૧૦

**પ્રશ્ન-૧. વાક્યોને પાઠના ક્રમમાં ગોઠવો.**

(   ) 'ભૂલનો એકરાર કર્યો છે તે.... એટલે માફ કરી દઉં છું હું તને.'

(   ) 'સર આપે મને જે ચોપડી આપી હતી...'

(   ) 'મહેનત કરું છું. વળી આપનું માર્ગદર્શન પણ મળે છે.'

(   ) 'ખૂબ પ્રગતિ કર બેટા, ખૂબ પ્રગતિ કર.'

(   ) 'હવે તો તારું મન હળવું થયું ને ?'

(   ) 'તારા જેવા જિજ્ઞાસુ વિદ્યાર્થીને પુસ્તક આપીને મને આનંદ થશે.'

**પ્રશ્ન-૨. નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. શિક્ષક લિંકનને પરિશ્રમ પ્રિય શા માટે કહે છે ?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

૨. લિંકન શિક્ષક પાસે પુસ્તક લેવા કેમ આવે છે ?

________________________________________

________________________________________

________________________________________

૩. પુસ્તક પલળી ગયા પછી લિંકન શિક્ષક સામે સાચું બોલવાનું શા માટે નક્કી કરે છે ?

૪. શિક્ષક લિંકનને કેમ માફ કરી દે છે ?

૫. લિંકને પોતાની જાતને ક્યારે માફ કરી છે ? કેમ ?

**પ્રશ્ન-૩. આપેલ શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧. બરફ, મકાઈ

________________________________________

________________________________________

૨. રસ્તો, રોટલી

________________________________________

________________________________________

૩. કાગળ, ફાગણ

________________________________________

________________________________________

૪. વાદળ, તપેલી

________________________________________

________________________________________

૫. નદી, પડદા

________________________________________

________________________________________

**પ્રશ્ન-૪. આપેલ બિલને આધારે પ્રશ્નોના જવાબ આપો.**

| અમૃત નર્સરી<br>રીંગ રોડ, મોડાસા. | | | | |
|---|---|---|---|---|
| બિલ નંબર-૧૭<br>નામ : આલ્ફા સોની તારીખ : ૦૫/૦૬/૨૦૨૦<br>ગામ : માલપુર | | | | |
| **ક્રમ** | **છોડનું નામ** | **નંગ** | **ભાવ** | **રકમ** |
| ૧. | ગુલાબ | ૫ | ૩૦ | ૧૫૦ |
| ૨. | ચમેલી | ૨ | ૪૫ | ૯૦ |
| ૩. | ચંપા | ૪ | ૫૦ | ૨૦૦ |
| ૪. | કેળ | ૨ | ૪૫ | ૯૦ |
| ૫. | મધુમાલતી | ૪ | ૩૦ | ૧૨૦ |
| ૬. | અરડૂસી | ૨ | ૨૫ | ૫૦ |
| ૭. | મોગરા | ૩ | ૩૦ | ૯૦ |
| ૮. | રાતરાણી | ૪ | ૪૫ | ૧૮૦ |
| | | | કુલ | ૯૭૦ |
| ઉધાર માંગશો નહિ.<br>ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો.<br>‘હરિયાળી ભૂમિ કાજ, પધારજો મારા રાજ.’ | | | | મોહન માળી |

૧. આ છોડની ખરીદી કરનાર કોણ છે ?

---

૨. ઉપર આપેલા છોડમાંથી તમે ક્યા છોડ જોયા નથી ?

---

૩. તમને ગમતાં છોડનાં નામ લખો.

---

૪. અમૃતા નર્સરીમાં બીલ બનાવનાર કોણ છે ?

_______________________________________________

૫. ''હરિયાળી ભૂમિ કાજ, પધારજો મારા રાજ'' સૂત્રનો અર્થ લખો.

_______________________________________________

**પ્રશ્ન-૫. કૌંસમાંથી શબ્દ મૂકીને ખાલી જગ્યા પૂરો.**

(તેણે, તે, પોતે, એની, તેણે)

નિલેશ તેના ચાર ભાઈબંધો સાથે રમતો હતો ________ બાએ એને પાંચ કેરી આપી હતી. ________ ચારે ભાઈબંધોને એક કેરી આપી અને પાંચમી કેરી પોતાને માટે રાખી. ________ પોતાની કેરી ખાવા જતો હતો તેવામાં ________ એક ગરીબ છોકરાને એમની તરફ અને એમની કેરીની તરફ દયામણા ચહેરે જોતો જોયો. નિલેશે તરત જ પોતાની કેરી પેલા ગરીબ છોકરાને આપી દીધી અને ________ ન ખાધી. નિલેશ કેવો પરગજુ !

**પ્રશ્ન-૬. તમે રમેલી પાંચ રમતોનાં નામ લખો અને શબ્દકોશનાં ક્રમમાં ગોઠવો.**

_______________________________________________

_______________________________________________

૧. ____________________

૨. ____________________

૩. ____________________

૪. ____________________

૫. ____________________

**પ્રશ્ન-૭. (૧) 'કબૂલાત'નો સમાનાર્થી શબ્દ કયો છે ?**

( ) ગફલત ( ) જિજ્ઞાસા ( ) એકરાર

**(૨) અસમર્થનો વિરૂદ્ધાર્થી શબ્દ કયો છે ?**

( ) પાવન ( ) શક્તિવાન ( ) સમર્થ

# કદમ-૧૧

**પ્રશ્ન-૧. સાચા વિકલ્પની સામે ટીક કરો.**

૧. રૂપાનાં કડલાં ચાર એટલે...

(અ) રૂપા નામની છોકરીનાં કડલાં. ( )

(બ) રૂપાળા કડલાં. ( )

(ક) પગે પહેરવાનાં ચાંદીનાં કડલાં. ( )

૨. બાંયે બાજુબંધ બેરખા રે...નો અર્થ

(અ) શ્રી કૃષ્ણના પહેરણની બાંયો પર સુંદર ભરતકામ છે. ( )

(બ) શ્રી કૃષ્ણએ હાથે બાજુબંધ અને રૂદ્રાક્ષની માળા પહેરી છે. ( )

(ક) શ્રી કૃષ્ણની બન્ને બાજુએ સરખા સરખા બાઈબંધ ઉભા છે. ( )

૩. ચડવા તે ઘોડલા હંસલા રે...એટલે

(અ) સવારી કરવાના હંસ ઘોડા જેવા છે. ( )

(બ) ઘોડા હંસની જેમ આકાશમાં ઊડે છે. ( )

(ક) સવારી કરવાના ઘોડા હંસ જેવા શ્વેત અને રૂપાળા છે. ( )

**પ્રશ્ન-૨. પ્રશ્નોના જવાબ લખો.**

૧. તમે હિંચકો ક્યાં ક્યાં બાંધેલો જોયો છે ?

૨.  નવા બૂટ કે ચંપલ પહેર્યાં હોય ત્યારે ચાલવામાં કેવો ફેર લાગે તમારા અનુભવ લખો.

**પ્રશ્ન-૩. ચિત્રનું વર્ણન કરો.**



**પ્રશ્ન-૪. ઉદાહરણ પ્રમાણે લખો.**

**ઉદાહરણ :** આકાશમાં **પક્ષી** ઉડે છે.

આકાશમાં પક્ષીઓ ઉડે છે.

૧. ખેતરમાં **વૃક્ષ** છે.

૨. સિદ્ધિ પાસે પુસ્તક છે.

૩. ગોવાળ ગાય ચરાવે છે.

૪. છોકરો રમત રમે છે.

૫. વર્ગમાં પાટલી ગોઠવેલી છે.

**પ્રશ્ન-૫. શબ્દોને ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો.**

૧. મોજડી રાઠોડી પહેરી પગે છે.

૨. ચાલવાની સવારે મેદાનમાં ખુલ્લા છે પડે મજા.

________________________________________

________________________________________

૩. જવું મારે ઘરે ચાલો છે.

________________________________________

________________________________________

૪. ગરમાગરમ શિયાળામાં ગમે જમવાનું.

________________________________________

________________________________________

૫. ગુલાબ સુંદર શોભા છે બગીચાની.

________________________________________

________________________________________

**પ્રશ્ન-૬. કોષ્ટકમાંથી નીચે આપેલ શબ્દોના સમાનાર્થી શબ્દ શોધીને લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| પ | વ | ન | મ | ન |
| જ | ર્વ | ક | ચાં | ભ |
| મ | હિં | ત | પ | શુ |
| ગ | ચ | કિ | ના | રો |
| ફ | કો | પ | ક્ષી | ઝ |

(૧) અનિલ ____________

(૨) પંખી ____________

(૩) ગગન ____________

(૪) અરણ્ય ____________

(૫) પ્રાણી ____________

# કદમ-૧૨

**પ્રશ્ન-૧. પાઠના આધારે સંવાદ પૂર્ણ કરો.**

વોલ્ટરની આ વાતચીત સાંભળીને એની માતા દોડીને આવી. એણે પૂછ્યું : ‘‘બેટા તું કોની સાથે વાત કરતો હતો ?’’

‘‘હા મા, મારા પગ ભલે ચાલે નહીં, પણ સાંભળે તો ખરા !’’

વોલ્ટરે કહ્યું ‘‘મા, મેં એને કહ્યું કે તમે મૂંઝાશો નહિ, ગભરાશો નહિ, સહેજે હિંમત હારશો નહિ, આજ ભલે તમે ચાલી શકતા ન હો, પણ એક દિવસ આપણે જરૂર ઊંચામાં ઊંચા કૂદકા લગાવી શકીશું.’’

‘‘તો તું જે ધારીશ તે કરી શકીશ.’’

**પ્રશ્ન-૨. પ્રશ્નોના જવાબ લખો.**

૧. વોલ્ટરને લકવાના હુમલાની કેવી અસર થઈ ?

૨. વોલ્ટર દઢમનોબળ ધરાવતો હતો એ શા પરથી કહી શકાય ?

૩. વોલ્ટરની મા ને કેમ એવું લાગે છે કે તે જરૂર દોડી, કૂદી શકશે ?

૪. વોલ્ટરે એના દેશ વતી ઑલિમ્પિકમાં ભાગ લેતા પહેલાં કઈ કઈ સિદ્ધિઓ પ્રાપ્ત કરી બતાવી ?

૫. વોલ્ટરે ડૉક્ટરના અભિપ્રાયને સ્વીકારી લીધો હોત તો... ?

**પ્રશ્ન-૩. ચિત્રના આધારે વર્ણન કરો.**



**પ્રશ્ન-૪. ફકરાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

ઊંચા કૂદકાની સ્પર્ધા માટે વોલ્ટર મેદાન પર આવ્યો. ૨ મીટર અને ૫ સેન્ટિમીટરની ઊંચાઈ ધરાવતા વોલ્ટર જેટલો ઊંચો એનો કોઈ હરીફ ન હતો. જગતના ચુનંદા હરીફો એની સામે ખડા હતા. વોલ્ટરનો તો સિદ્ધાંત હતો કે કદીયે હતાશ થઈને કામ છોડવું નહિ, કામ પાર પાડીને જ અટકવું. વોલ્ટરે એક પણ સાધનની સહાય વિના દોડીને ઊંચો કૂદકો લગાવ્યો.

પરિણામ જાહેર થયું વોલ્ટર ડેવિસ પ્રથમ આવ્યો એટલું તો ઠીક પણ એણે ૨ મીટર અને ૪ સેન્ટીમીટર જેટલો ઊંચો કૂકો લગાવીને ઑલિમ્પિક સ્પર્ધામાં નવો વિક્રમ સ્થાપ્યો.

૧. વોલ્ટર જેટલો ઊંચો એનો કોઈ હરીફ ન હતો એટલે -

(અ) બધા હરીફો વોલ્ટરથી ઊંચા હતા.

(બ) વોલ્ટર અને બીજા હરીફ સરખા જ હતા.

(ક) વોલ્ટર બીજા બધા હરીફોથી ઊંચો હતો.

૨. 'કદીયે હતાશ થઈને કામ છોડવું નહિ, કામ પાર પાડીને જ અટકવું' સમજાવો.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

૩. 'નવો વિક્રમ સ્થાપવો' એટલે શું ?

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

૪. વોલ્ટરે કઈ સ્પર્ધામાં ભાગ લીધો હતો ? વિગતે જણાવો.

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

**પ્રશ્ન-૫. આપેલ શબ્દના સંબંધિત શબ્દ લખી શબ્દ પરિવાર બનાવો.**

ઉદાહરણ : બસ - ડ્રાઈવર, કંડકટર, સ્ટેશન, હમાલ, ટિકિટ.

૧. મેળો - __________ , __________ , __________, __________, __________

૨. ખેતર - __________ , __________ , __________, __________, __________

૩. નદી - __________ , __________ , __________, __________, __________

૪. ગામ - __________ , __________ , __________, __________, __________

૫. આકાશ - __________ , __________ , __________, __________, __________

**પ્રશ્ન-૬. આડાઅવળા થઈ ગયેલા અક્ષરોને ગોઠવીને અર્થપૂર્ણ શબ્દ બનાવો.**

ઉદાહરણ : નૈકયો - કનૈયો.

૧. સા ર દ વ - ____________________

૨. સિ ર ક - ____________________

૩. દ વા ળ - ____________________

૪. ફ ર બ - ____________________

૫. જા ળ મ ફ - ____________________

# કદમ-૧૩

**પ્રશ્ન-૧. આપેલા વાક્ય જેવો અર્થ કે ભાવ દર્શાવતું વાક્ય પાઠમાંથી શોધીને લખો.**

૧. છ વર્ષના બાળકની માતાનું અવસાન થયું.

૨. વાંકડિયા વાળ જોનારને ગમી જાય તેવા હતા.

૩. ચારેબાજુના અંધકાર વચ્ચે જાણે પ્રકાશ પ્રગટ થયો.

૪. શિક્ષણ વગર સમાજનો વિકાસ થઈ જ ન શકે.

૫. આઝાદીની લડાઈમાં પણ તેમનો મહત્ત્વનો ફાળો હતો.

**પ્રશ્ન-૨. પ્રશ્નોના જવાબ લખો.**

૧. પિતા રામજીભાઈએ ભીમરાવની માતાને સાચી અંજલિ કેવી રીતે આપવાનો નિર્ધાર કર્યો ?

૨. અન્યાયની સામે વિરોધ કરવાનો સંકલ્પ ભીમરાવે શા માટે લીધો ?

૩. ભીમરાવ પુસ્તક પ્રેમી હતા એ શાના પરથી કહી શકાય ?

૪. ભીમરાવે અસ્પૃશ્યતા નિવારણ માટે શું શું કર્યું ?

૫. ભીમરાવે કન્યા કેળવણી માટે કેવા કેવા પ્રયાસ કર્યા ?

**પ્રશ્ન-૩. ચિત્રનું વર્ણન કરો.**



**પ્રશ્ન-૪. વાક્યને લાગુ પડતો રૂઢિપ્રયોગ કૌંસમાંથી લખો.**

(આકાશ પાતાળ એક કરવા, પેટે પાટા બાંધવા, લોઢાના ચણા ચાવવા, પગે પાંખો ફૂટવી)

૧. સુનિલ શિષ્યવૃત્તિની પરીક્ષા પાસ થયો એ સાંભળી ખૂબ જ ઉત્સાહમાં આવી ગયો.

___

___

૨. માતાએ ખૂબ દુઃખ વેઠીને દીકરાઓને ભણાવ્યાં હતાં.

___

___

૩. અમરતભાઈ ખૂબ મહેનત કરી આગળ આવ્યા છે.

___

___

૪. સરપંચ અભણ લોકોને ખૂબ સમજાવીને હલ કાઢે છે.

___

___

**પ્રશ્ન-૫. નીચે લીટી કરેલ શબ્દને સ્થાને કૌંસમાંનો શબ્દ મૂકી વાક્ય લખો.**

ઉદાહરણ : નદી કેટલી સુંદર છે ! (ઝરણું)

ઝરણું કેટલું સુંદર છે !

૧. <u>રાઘવ</u> આવતો હતો. (ટોળું)

___

૨. સિંહ ઘૂરક્યો. (સિંહણ)

___

૩. કેવડું મોટું <u>કબાટ</u> છે ? (તિજોરી)

_______________________________________________

૪. ઘણો મોટો <u>પીપળો</u> હતો. (ઝાડ)

_______________________________________________

૫. <u>મેઘા</u> લખી રહી છે. (નિસર્ગ)

_______________________________________________

**પ્રશ્ન-૬. ચોરસમાંના શબ્દોમાંથી વિરુદ્ધાર્થી શબ્દની જોડ બનાવી નીચે લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| દુશ્મન | દુર્લભ | સામાજિક | નબળું | અશિક્ષિત |
| ગરીબ | અસામાજિક | તવંગર | આદર | |
| શિક્ષિત | અનાદર | મિત્ર | સુલભ | સબળું |

૧. ____________________

૨. ____________________

૩. ____________________

૪. ____________________

૫. ____________________

૬. ____________________

૭. ____________________

# કદમ-૧૪

**પ્રશ્ન-૧. ભાવાર્થ દર્શાવતી કાવ્ય પંક્તિઓ કાવ્યમાંથી શોધીને લખો.**

ઘેરૈયાની ટોળી શ્રીફળ, ખજૂર અને ધાણી માંગે છે અને માંગેલી વસ્તુઓ તથા હક મળતાં આગળ વધે છે.

**પ્રશ્ન-૨. પ્રશ્નોના જવાબ લખો.**

૧. હોળી તહેવારમાં તમારા ગામ કે શહેરમાં આવતા ઘેરૈયાઓ શું શું કરે છે ?

૨. તમને ગમતો તહેવાર કયો ? તેની ઉજવણી તમે કેવી રીતે કરો છો ?

૩. કવિતામાં રજૂ થયેલ હોળીના તહેવારની ઉજવણીની બાબતો સિવાય તમે બીજું શું કરો છો ?

**પ્રશ્ન-૩. પત્રના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

ઉર્વાંગ એમ. પુરોહિત
૩૨, સાંદિપની વિલા,
ધનપુરા.
તારીખ : ૧૨-૧૨-૨૦૨૦

પ્રિય મિત્ર ભવ્ય.

મજામાં છું, તમે પણ હશો.

ઘણા સમયથી તારી સાથે વાત થઈ નથી. તે આપેલો મોબાઈલ નંબર પણ બંધ આવે છે એટલે આજે પત્ર લખી રહ્યો છું.

કોવિડ ૧૯ની સ્થિતિમાં શાળાઓ બંધ છે ત્યારે અમે વર્ચ્યુઅલ ક્લાસમાં જોડાઈને ભણીએ છીએ. ટી.વી. પર આવતા બધા જ પાઠ નિયમિત જોઈએ છીએ. અમારા ગામમાં હજુ સુધી એક પણ પોઝિટીવ કેસ આવ્યો નથી. તારા પપ્પા તો ડૉકટર છે એટલે ખૂબ કાળજી રાખવી પડતી હશે.

આ વખતે દિવાળી અમે સરસ રીતે સાથે મળી ઉજવી. અધિક માસ હોવાથી દિવાળી મોડી આવી જેથી ઘરના બધા ખેતીકામમાંથી પરવારી ગયા હતા એટલે મજા પડી.

નાની બહેન સાન્વી મજામાં છે ને ! તેને યાદ આપજે. દાદા-દાદી તથા મમ્મી પપ્પાને વંદન.

એજ લિ.
ઉર્વાંગ

૧. પત્ર કોણે અને શા માટે લખ્યો છે ?

૨. શાળા બંધ છે ત્યારે તમે કેવી રીતે ભણો છો ?

૩. ઉર્વાંગના પરિવારનો વ્યવસાય શું છે ?

૪. સાન્વી કોની બહેન છે ?

૫. ભવ્યના પરિવારમાં કેટલા સભ્યો હશે ?

**પ્રશ્ન-૪. વાક્યમાં ઘાટા કરેલા શબ્દોમાંથી વાક્યને યોગ્ય નથી તેવા શબ્દ પર લીટી દોરો.**

૧. પીવા માટેનું **પાણિ** / **પાણી** અહીં મુકવામાં આવશે.

૨. આજના **દિન** / **દીન** પૂરતી રજા છે.

૩. સૌને ગમતા **નાસતા** / **નાસ્તા**ની વ્યવસ્થા કરી છે.

૪.  ભયંકર **પુર / પૂર**ની સ્થિતિમાં એમણે સેવા આપેલી.

૫.  રજાકમાં પરોપકારનો **ગુણ / ગૂણ** છે.

**પ્રશ્ન-૫. કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.**

(આખી, તેમણે, ઠંડી, દિવસો, વિચાર)

શિયાળાના ____________ હતા. કડકડતી ____________ પડતી હતી. દરબારમાં બેઠા બેઠા અકબર બાદશાહના મનમાં એક ____________ આવ્યો. ____________ દરબારીઓને પૂછ્યું, ‘‘મહેલની પાસેના તળાવમાં ____________ રાત ઠંડા પાણીમાં કોઈ ઉભો રહે ખરો ?’’

# કદમ-૧૫

**પ્રશ્ન-૧. આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧. શીતળ, આકાશ

૨. સવાર, લીમડો

૩. ગામ, ડુંગર

૪. નસીબ, મહેનત.

૫. પવન, આંખ

**પ્રશ્ન-૨. પ્રશ્નોના જવાબ લખો.**

૧. તમે તમારા કયા કયા કામો જાતે કરો છો ?

૨. તમને કોના ઘરે જવાનું ગમે છે ? શા માટે ?

૩. તમારો ભાઈ કે બહેન તમને ક્યાં ક્યાં મદદરૂપ થયાં છે ?

૪. પરીક્ષામાં કશી તૈયારી ન કરીએ અને ભગવાનના ભરોસે રહી પેપર લખવા બેસીએ તો શું થાય ?

૫. મુશ્કેલ કામ કરવા શું શું જરૂરી છે ?

**પ્રશ્ન-૩. મૂદ્દા આધારે વાર્તા લખો.**

બાજરાનું ખેતર - લાવરીનો માળો - દિવસે લાવરીનું ચણ લેવા જવું - ખેડૂતનું આવવું - કાલે મજૂર કરી બાજરો કાપવાની વાત કરવી - બચ્ચાંએ સાંજે લાવરીને ખેડૂતવાળી વાત કરવી - લાવરીએ નિશ્ચિંત રહેવા જણાવવું- બીજા દિવસે ખેડૂતનું આવવું - મજૂર ન આવ્યા પણ કાલે તો સગાંને બોલાવી બાજરો કપાવવા નક્કી કરવું - ફરી બચ્ચાંએ લાવરીને ખેડૂતની વાત જણાવવી - ફરી નિશ્ચિત રહેવા જણાવવું - ત્રીજા દિવસે ખેડૂતનું આવવું અને કાલે જાતે જ બાજરો કાપવાની વાત કરવી - લાવરીનું બચ્ચાં લઈ બીજી જગ્યાએ ઊડી જવું - બોધ.

**પ્રશ્ન-૪. આપેલ કોષ્ટકમાંથી સમાનાર્થી શબ્દની જોડ બનાવીને લખો.**

| | | | |
|---|---|---|---|
| સૂરજ | શીતળ | વ્યર્થ | પ્રેમ |
| બાંધવ | સ્નેહ | નેત્ર | સૂર્ય |
| ફોગટ | ઠંડું | ભાઈ | નયન |

૧. ______________________

૨. ______________________

૩. ______________________

૪. ______________________

૫. ______________________

૬. ______________________

**પ્રશ્ન-૫. તમને ગમતો એક તહેવાર અને એની સાથે જોડાયેલા પાંચ શબ્દ લખી શબ્દોને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

# ચાલો ચકાસીએ

**પ્રશ્ન-૧. વાક્ય અને એકમની જોડ બનાવો.**

| | | |
|---|---|---|
| ૧. | "વાહ ! હવે ગુજરાતમાં પ્રવેશી ગયા." | મહેનતનો રોટલો |
| ૨. | "કૉફીનો અત્યારે વાંધો નથી." | ભૂલની સજા |
| ૩. | "તમારું નામઠામ ન આપો તો તમને મારા છોકરાના સમ છે." | અપંગના ઓજસ |
| ૪. | "ઉતાવળ નથી. નિરાંતે વાંચીને પછી આપજે." | કદર |
| ૫. | "જાઓ કે ન જાઓ. પરમ દિવસે તમને આ વખતે જરૂર મળી જશે." | શરદીના પ્રતાપે |
| ૬. | "પગ સાથે ? પગ તે કંઈ સાંભળતા હશે ?" | નર્મદામૈયા |

**પ્રશ્ન-૨. કાવ્ય પંક્તિઓ પૂર્ણ કરો.**

૧. પર્વત તારા પહોળા ખંભા, ____________________ ,

________________________________________

________________________________________

________________________________________

____________________તારી છે સોગંદ.

૨. ઉષા સુંદર, ______________________________ ,

________________________________________

______________________ એવું થાતું મુજ મનમાં.

૩. આભે પૂનમ ______________________________ ,

________________________________________

______________________________

______________________ ઢમ્મક ઢમ્મક !

૪. પગે રાઠોડી ______________________ ,

______________________________

______________________ આંબાની ડાળ (૨)

**પ્રશ્ન-૩. પ્રશ્ના જવાબ લખો.**

૧. લેખકને શા માટે લાગે છે કે મોઢેથી બોલીશ તો કોકો પણ ગુમાવીશ ?

______________________________

______________________________

૨. મોચીએ સોનાનાં ઓજારો શા માટે ખૂણામાં નાંખી દીધાં ?

______________________________

______________________________

૩. સૂબો વાલા કેસરિયાને શા માટે તેડાવે છે ?

______________________________

______________________________

૪. ડૉક્ટર આંબેડકરે સ્ત્રીઓને કયા કયા અધિકારો અપાવ્યાં ?

______________________________

______________________________

૫. ધુંવાધારમાં નર્મદાના સ્વરૂપનું વર્ણન કરો.

______________________________

______________________________

**પ્રશ્ન-૪. ફકરો વાંચીને પ્રશ્નોના જવાબ લખો.**

બાદશાહે મોટા ઈનામની જાહેરાત કરી.

પચ્ચીસ વર્ષના એક ગરીબ નવજુવાને આ ઈનામની શરત સ્વીકારી. આથી બાદશાહે તળાવની ચારેબાજુ કડક ચોકી પહેરો ગોઠવ્યો. નવજુવાન આખી રાત ઠંડા પાણીમાં ઊભો રહ્યો.

સવારમાં બાદશાહે તળાવ પાસે આવીને જોયું તો નવજુવાન પાણીમાં ઊભો ઊભો પ્રાર્થના કરતો હતો. બાદશાહ તેને શાબાશી આપવા જતા હતા ત્યાં એક અદેખો ચોકીદાર બોલ્યો, "હજૂર, રાત્રે મેં એને તાપતો જોયો હતો."

નવજુવાન બોલી ઊઠ્યો, "હું તાપતો હતો ? આવો ગોળો શા માટે ગબડાવે છે ? હું તો આખી રાત પાણીમાં હતો. તું એનો સાક્ષી છે."

ચોકીદાર બોલ્યો, "મહેલમાંથી આવતા દીવાના પ્રકાશ તરફ નજર રાખી તું નહોતો ઊભો ?"

ભોળા જુવાને જવાબ આપ્યો, "હા, આખી રાત એ દીવાના પ્રકાશ તરફ મેં નજર રાખી હતી."

અદેખા ચોકીદારે કહ્યું, "ત્યારે તને એ દીવાની ગરમી મળી ખરી ને ? એ ગરમી મળી તેથી તો તું જીવતો રહ્યો. હજૂર, આ માણસ ઈનામને લાયક નથી."

નવજુવાનને ઈનામ આપ્યા વિના બાદશાહ ત્યાંથી ચાલ્યા ગયા.

૧. બાદશાહે કઈ શરત માટે મોટા ઈનામની જાહેરાત કરી ?

________________________________________

________________________________________

૨. નવજુવાનને ઈનામ કેમ ન મળ્યું ?

________________________________________

________________________________________

૩. ‘આવો ગોળો શા માટે ગબડાવે છે ?’ આ વિધાન દ્વારા નવજુવાન શું કહેવા માગે છે ?

૪. બાદશાહે તળાવની આસપાસ ચોકી પહેરો શા માટે ગોઠવ્યો હશે ?

૫. ચોકીદાર અને નવજુવાન બન્નેમાંથી તમને કોણ સાચું લાગે છે ? શા માટે ?

**પ્રશ્ન-૫. વાક્યમાંના રૂઢિપ્રયોગ છે એનો અર્થ વાક્યની નીચે લખો.**

૧. કેયુર **બાવડાના બળે** આગળ આવેલ છે.

૨. રજાકનું નવું ઘર જોઈ માતાપિતાનું **મન ઠર્યું.**

૩. રુદ્રએ સ્કૂલની કબડ્ડી ટીમમાં સ્થાન મેળવવા **આકાશ પાતાળ એક કરી નાખ્યાં** હતા.

૪. ગામમાં ઘેરઘેર નળથી પાણી આવતાં સરપંચનું **સપનું ફળ્યું**.

૫. હેત નવોદય પરીક્ષામાં પાસ થતાં સૌ **મોંમાં આંગળાં નાંખી ગયાં**.

**પ્રશ્ન-૬. કૌંસમાંથી યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો.**

(તે, એને, તેની, એણે, અમે, તેણી)

૧. આજે વિહાન શાળો વહેલો પહોંચી ગયો. ____________ શાળામાં જઈ છોડને પાણી પાયું.

૨. યુક્તા મારી બહેન છે. ____________ સુંદર ગાયિકા છે.

૩. હું અને મારા મિત્રો આજે ફરવા ગયા હતાં. ____________ ત્યાં ખૂબ મજા કરેલી.

૪. જીલ ત્યાં આવે છે. ____________ પુસ્તક આપી દેશો.

૫. મીઠું મીનાના પોપટનું નામ છે. ____________ મને ખૂબ ગમે છે.

૬. અલ્પેશ આજે શાળામાં આવી ગયો છે. ____________ બહેન પણ સાથે આવી છે.

**પ્રશ્ન-૭. નીચેનાં વાક્યોમાં યોગ્ય વિરામચિહ્ન મૂકો.**

૧. તમે શું લખો છો ______________________________

૨. અરે વાહ તમે જીતી ગયાં ______________________________

૩. હું મહેશ અને જીગર ચાલતા થયા ______________________________

**પ્રશ્ન-૮. કોષ્ટકમાંથી વિરુદ્ધાર્થી શબ્દની જોડ બનાવીને લખો.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ | શુ | ના | નું | અ | સ | ણું |
| સં | દ્ધ | દ્ગૂ | ર | ષ | મ | ન |
| તો | શુ | મ | આ | થ | મ | ણું |
| ષ | અ | સં | આ | ન | ણ | ક |
| ઉ | ગ | મ | ણું | પા | સે | મો |
| અ | ણ | સ | મ | જ | ણ | ટુ |

૧. ____________________

૨. ____________________

૩. ____________________

૪. ____________________

૫. ____________________

**પ્રશ્ન-૯. ઘાટા શબ્દના સ્થાને તેનો સમાનાર્થી શબ્દ મૂકીને વાક્ય ફરી લખો.**

**ઉદાહરણ : ડુંગર** રળિયામણા લાગે છે.

પર્વત રળિયામણા લાગે છે.

૧. મનહરભાઈને આ વર્ષે ખેતીમાં **લાભ** થયો.

________________________________________

૨. રામપુર તો દરિયાની **નજીક** જ છે.

________________________________________

૩. મોચીનાં બધાં **ઓજારો** સોનાનાં થઈ ગયાં.

________________________________________

૪. ખેડૂત ખૂબ **પરિશ્રમ** કરે છે.

________________________________________

૫. વૉલ્ટર બધી કળામાં **હોંશિયાર** થતો ગયો.

________________________________________

**પ્રશ્ન-૧૦. તમારા ગામની આસપાસનાં પાંચ ગામનાં નામ લખો અને તેને શબ્દકોશના ક્રમમાં ગોઠવો.**

૧. ____________________

૨. ____________________

૩. ____________________

૪. ____________________

૫. ____________________

૧. ______________ ૨. ______________ ૩. ______________

૪. ______________ ૫. ______________

**પ્રશ્ન-૧૧. તમારે વાર્ષિક પરીક્ષામાં પ્રથમ નંબર આવ્યો તેની જાણ કરતો પત્ર તમારા મામાને લખો.**

___________________

___________________

___________________

__________________________________________________________________

__________________________________________________________________

__________________________________________________________________

__________________________________________________________________

__________________________________________________________________

__________________________________________________________________

__________________________________________________________________

___________________

___________________

**પ્રશ્ન-૧૨. ઉદાહરણ મુજબ શબ્દ પરથી બીજા શબ્દ બનાવો.**

**ઉદાહરણ :** જામનગર

જામ નગર મન નર મગ

૧. ______________________________________________

૨. ______________________________________________

૩. ______________________________________________